## પ્રકરણ - (૩)

### સત્વજ અલંકાર :

'સામાન્ય અભિનય' (અધ્યાય ૨૪) અંતર્ગત ભરતમુનિએ નારી તથા પુરુષના સત્વજ અલંકારો નિરુપ્યા છે. સત્વમાંથી ઉત્પન્ન થઇ, દેહના માધ્યમ દ્વારા અભિવ્યક્ત થતા આ સહજ ચેષ્ટા અલંકારો રસ તથા ભાવનો આધાર બને છે.

આચાર્ય ભટ્ટ તૌત તથા શ્રી શંકુકે પણ સાત્વિક ભાવોના પ્રકાશનમાં ચેષ્ટા અલંકારોના મહત્વનો સ્વીકાર કર્યો છે. તેમની દૃષ્ટિએ પુરુષના ઉત્સાહનું સૂચન કરનારી સાત્વિક વિભૂતિઓ તથા શૃંગારને અનુરુપ તેમની વિવિધ ચેષ્ટાઓ 'શારીર' સામાન્ય અભિનયની કોટિમાં આવે છે. આ ચેષ્ટાલંકાર લાવણ્ય વિગેરેની જેમ અભિનય નથી હોતા કારણ કે તે શરીરના વિકાસ અને અનુભાવરુપ હોય છે.

સત્વજ અલંકાર સત્વમાંથી ઉત્પન્ન થતા હોવાથી તેનો સમાવેશ સાત્વિક અભિનય અંતર્ગત કરવામાં આવ્યો છે.

### નાયિકાઓના અલંકાર

સૌંદર્યમાં વૃદ્ધિ કરનાર સ્વાભાવિક ઉપદાન અલંકાર કહેવાય છે. અલંકાર એટલે સુવર્ણ રત્નનાં આભૂષણ નહિ પણ એ પ્રાકૃતિક હાવભાવ વિગેરે ચેષ્ટા વ્યાપાર જે સ્વભાવતઃ જન્મજાત હોય છે. આ અલંકારો દ્વારા નારીઓના વિવિધ ભાવ અને સુકુમાર ભાવ ભંગિમાનું પ્રત્યાયન થાય છે સાથે સાથે અનિર્વચનીય સૌંદર્યનું સર્જન પણ.

આ અલંકાર ભાવ અને રસ આધારિત હોય છે. સાત્વિક ભાવ મનુષ્ય માત્રમાં મનના સંવેદન રુપે રહેલા છે. પરંતું તે દેહાશ્રિત છે, દેહના માધ્યમથી આ સાત્વિક ભાવોની અભિવ્યક્તિ થાય છે. આ સાત્વિક વિભૂતિઓના દર્શન ઉત્તમ સ્ત્રી-પુરુષોમાં થાય છે. સ્ત્રિઓની ઉત્તમતાનાં દર્શન અંગોમાં સુકુમારતા અને લાલિત્ય, મનમાં કોમળતા, પ્રાણોમાં

મધુરતા અને રસમયતા રુપે રહે છે. પરંતુ પુરુષની ઉત્તમતા તેની વીરતા, ઉદાત્તતા, દૃઢતા અને સાહસમાં રહેલી છે. સ્ત્રી અને પુરુષની શરીર રચના અને મન: પ્રકૃતિ બંને ભિન્ન ભિન્ન છે. સ્ત્રીઓની જીવન પ્રકૃતિ અનુરુપ ભરતમુનિએ નાયિકાના વીસ અલંકારો નિરુપ્યા છે જે માત્ર શરીરની શોભાજ નહીં પણ પ્રાણોનું મધુર ગુંજન અને નારીના શીલનું પરિષ્કૃત પરિનિષ્ઠિત રુપ પણ છે. (ના.શા.અધ્યાય ૨૮ /શ્લોક-૪ 'સામાન્ય અભિનય' અંતર્ગત )

નાયિકાઓના અલંકારની ત્રણ શ્રેણીઓ છે : અંગજ, સ્વભાવજ અને અયત્નજ. અંગજ સ્ત્રીભાવો અથવા અલંકારો ત્રણ પ્રકારના હોય છે અને તે પ્રિયના દર્શન અથવા વસ્ત્ર, માલ્ય વિગેરે બાહ્ય સાધનો વિના કેવળ શરીર માત્રથી ઉત્પન્ન થાય છે તેથી અંગજ અલંકાર કહેવાયા છે. સ્વાભાવિક અથવા સ્વભાવજ અલંકારો ૧૦ પ્રકારના છે. તે નાયિકાઓમાં સ્વભાવથીજ સ્થિત રહે છે માટે સ્વાભાવિક કહ્યા છે. આ અલંકાર, સ્વયં પોતાના રતિભાવમાંથી, પ્રિયતના ઉપભોગ કે તે વિના ઉત્પન્ન થાય છે. એટલે તે અવશ્યમ્ભાવી હોતા નથી. અંગજ અને સ્વભાવજ અલંકાર ક્રિયારુપ અર્થાત્ નાયિકાઓની ચેષ્ટાત્મક હોય છે. અયત્નજ અલંકાર સાત પ્રકારના છે અને તે પુરુષના ઉપભોગ થઇ ગયા પછી નાયિકામાં યત્નવિનાજ દેહધર્મરુપે પ્રગટ થતા હોવાથી તેને અયત્નજ કહ્યા છે. અંગજ અને સ્વાભાવિક અલંકાર ચેષ્ટાત્મક હોય છે પણ અયત્નજ અલંકાર ચેષ્ટાત્મક નહિ પરંતુ દેહધર્મરુપ હોય છે. કેટલાક આધુનિક વિદ્વાનો અંગજ તથા અયત્નજ અલંકારો સ્ત્રી અને પુરુષ બંનેમાં સમાનરુપે હોવાનું જ્યારે સ્વભાવજ અલંકારો માત્ર સ્ત્રીઓમાંજ વિશેષ રુપે હોવાનું જણાવે છે. (સીતારામ ચતુર્વેદી-ભારતીય તથા પાશ્ચાત્ય રંગમંચ પૃ.૩૪૫)

નાયિકાઓના આ અલંકારો ભરતમુનિના નાટ્યશાસ્ત્રમાં, ધનંજયકૃત દશરુપક, રામચંદ્ર-ગુણચંદ્ર વિરચિત નાટ્યદર્પણ, આચાર્ય હેમચંદ્ર રચિત કાવ્યાનુશાસન તથા વિશ્વનાથ કવિરાજના સાહિત્યદર્પણ ગ્રંથોમાં નિરુપાયા છે. પણ આ સમસ્ત ગ્રંથકારોની કૃતિઓમાં ભરતમુનિના વિધાનોનુંજ પુન:કથન થયું છે. કોઇ નવીન ઉમેરણ થયું નથી.

તુલના માટે દશરુપક, નાટ્યદર્પણ તથા સાહિત્યદર્પણમાંથી લક્ષણો પણ યથાસ્થાને નિરુપવામાં આવ્યા છે. શારદાતનયના ભાવપ્રકાશનમાં પણ સત્વથી ઉત્પન્ન સ્ત્રી અલંકારો વર્ણવવામાં આવ્યા છે જે ભરતાનુસારી છે. લંબાઈ થઇ જવાના ભયથી તેમાંથી લક્ષણો તથા ઉદાહરણો આપવામાં આવ્યા નથી. અહીં એ સ્પષ્ટતા કરવી ઘટે કે શારદાતનયે આ વીસ પ્રકારના સ્ત્રી અલંકારોની, અંગત, સ્વભાવજ અને અયત્નજ એમ ત્રણ શ્રેણી માનવાને બદલે 'મન આરંભ અનુભાવ' અર્થાત માનસિક અનુભાવો તથા 'ગાત્ર આરંભ અનુભાવ' અર્થાત શારીરિક અનુભાવો એમ બે શ્રેણીઓ સ્વીકારી છે. તેમણે અંગત તથા અયત્નજ એ કુલ ૧૦ અલંકારોને 'મન આરંભ અનુભાવ'માન્યા છે જયારે સ્વભાવજ અલંકારને 'ગાત્ર આરંભ અનુભાવ' માન્યા છે. વર્ગીકરણનો ભેદ છે પણ લક્ષણભેદ નથી. બધા અલંકારોના લક્ષણ ભરતાનુસારીજ છે.

## અંગત સ્ત્રીભાવો

અંગથી ઉત્પન્ન થતી સ્ત્રી ચેષ્ટાઓ, અંગત સ્ત્રી અલંકાર અથવા સ્ત્રીભાવો કહેવાય છે. ભરતમુનિના મતે અંગજ સ્ત્રી ભાવો ત્રણ છે. ભાવ, હાવ અને હેલા. તે પરસ્પરથીજ ઉત્પન્ન થાય છે. સત્વમાંથી ભાવ, ભાવમાંથી હાવ અને હાવમાંથી હેલા ઉત્પન્ન થાય છે. (અધ્યાય ૨૪/૬) ભાવ, હાવ, હેલા એકબીજામાંથી ઉત્પન્ન હોવાં છતાં સત્વનાજ વિભિન્ન સ્વરુપો છે અને તે શરીરની પ્રાકૃતિક (સહજ) સ્થિતિથી સંબંધિત રહે છે. (અધ્યાય ૨૪/૭)

'દશરુપક' પણ ભરતમુનિને અનુસરી ત્રણ પ્રકારના શરીરજા અલંકાર વર્ણવે છે ભાવ, હાવ અને હેલા. નાટ્યદર્પણ, સાહિત્યદર્પણ અને કાવ્યાનુશાસનમાં પણ ભરતાનુસારી અંગજ અલંકારો નિરુપવામાં આવ્યા છે. 'ભાવપ્રકાશન'માં પણ ભાવ, હાવ, હેલા અલંકારો નિરુપાયેલા છે. જેના લક્ષણો ભરતાનુસારી છે.

નાયિકાની યૌવનાવસ્થામાં પ્રિયદર્શન તેમજ વસ્ત્ર, માલ્ય વિગેરે બાહય સાધનો વિના કેવળ શરીર માત્રથી ઉત્પન્ન થતા હોવાથી તેમને અંગજ અલંકાર કહેવામાં આવ્યા છે.

(૧)

**ભાવ :**

'ભાવ'નું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે વાણી, અંગ, મુખરાગ તથા

સત્વના અભિનય દ્વારા નાટ્યરચનાકાર અંતર્ગત (કવેસ્ત્તર્ગત) તેમજ ઇષ્ટ ભાવોનું ભાવન કરાવવાને કારણે તે ભાવ કહેવાય છે. (અધ્યાય ૨૪ શ્લોક ૮)

'ભાવ'નું આજ લક્ષણ ભરતમુનિ નાટ્યશાસ્ત્રના ૭ માં અધ્યાયના બીજા શ્લોકમાં 'ભાવ'ના સ્વરુપની ચર્ચા કરતી વેળા નિરુપ્યું છે તેની વિગતેથી છણાવટ 'અભિનય અને નાટ્યરસ' અધ્યાયમાં કરવામાં આવી છે.

'ભાવ'નું અન્ય લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે 'ભાવ'નો અતિ અનુભવ (અથવા સત્વ) જો કોઇ સન્મુખસ્થ સ્ત્રી અથવા પુરુષમાં (અથવા સન્મુખસ્થિત વિપરીત વ્યક્તિ-અહીં પુરુષની સન્મુખ સ્ત્રી' તાત્પર્ય છે) અનેક અવસ્થાઓમાં સ્થિત હોય તો તેને પણ ભાવ જાણવો. ( ૨૪ /૯ )

દશરુપકકાર ધનંજયના મત પ્રમાણે જયારે વિકારથી રહિત સત્વમાંથી પહેલીવાર વિકાર ઉત્પન્ન થાય છે ત્યારે આ પ્રકારનો ઉત્પન્ન થયેલો વિકારયુકત ભાવજ 'ભાવ' કહેવાય છે. (દશ.રુ.૨/૩૩) સાહિત્યદર્પણકાર વિશ્વનાથ કવિરાજ પણ નિર્વિકાર હૃદયમાં કામના પ્રથમ ઉન્મેષને ભાવ કહયો છે.'નાટ્યદર્પણ' અનુસાર 'ભાવ' રાગાત્મક અનુભૂતિની પ્રથમ અથવા પ્રારંભિક અભિવ્યકિત છે જે શબ્દ અને આંગિક ચૈષ્ટા દ્વારા થાય છે.(ના.દ. ૪ સૂત્ર ૨૭૦) 'કાવ્યાનુશાસન'માં હેમચંદ્ર 'ભાવ'ની વ્યાખ્યા આપતા જણાવે છે કે ભાવાત્મક અંગવિકારને એટલા માટે ભાવ કહયા છે કારણ કે તે નાયિકામાં વાસનારુપે બિરાજેલા રતિ ભાવને ભાવિત કરે છે. ( કા.શાસન ૭/૩૩)

( ૨ )

હાવ :

સંયોગ સમયમાં સ્ત્રીની સ્વાભાવિક ચેષ્ટા અથવા સામાન્ય અર્થમાં સ્ત્રીની શૃંગારચેષ્ટા ને હાવ.તેનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે ભાવની એ અવસ્થા કે જેમાં ચિત્તવૃત્તિ-ઓથી ઉદ્ભૂત થઇ નેત્ર, ભ્રમર, ગ્રીવાના રેચક વિગેરે આંગિક ચૈષ્ટાઓ દ્વારા શૃંગારરસની અભિવ્યકિત થતી હોય તેને હાવ કહે છે. (અધ્યાય ૨૪ શ્લોક ૧૦ )

દશરુપકકાર ધનંજય 'હાવ'નુ લક્ષણ નિરુપતાં જણાવે છે કે શૃંગાર સહિત અલ્પ બોલવું તથા ભ્રમર અને નેત્રોનો કટાક્ષ વિગેરે વિકારો ઉત્પન્ન થવા તેને હાવ કહે છે. (દશ. રુ. ૨/૩૪)

નાટ્યદર્પણકાર અનુસાર શૃંગાર યુકત પરંતુ નિરન્તર ન રહેનાર ભ્રમર, ગર્દન, વિગેરેનો વિકાર હાવ કહેવાય છે. (ના.દ.૪ સુત્ર ૨૭૧)

સાહિત્યદર્પણ પ્રમાણે એજ ભાવ હાવ છે કે જે નાયિકાની ભ્રુકુટિ, નયન, ગર્દન વિગેરેના વિચિત્ર વ્યાપાર વડે સંભોગ કામના વ્યકત કરે અને હૃદયગત રતિ વિકારનો સંકેત પણ કરે. કાલિદાસના 'કુમાર સંભવ'માં શંકરના હૃદય ઉપર કામબાણનો પ્રહાર કરતી વેળા પાર્વતીના હાવ-વર્ણનનું ઉદાહરણ વિશ્વનાથ કવિરાજે આપ્યું છે. (સા.દ. ચૌખમ્બા પૃ. ૨૭૯)

આચાર્ય હેમચંદ્રના મતે હાવ-યુવતી નાયિકાનો એ અંગવિકાર છે કે જે તેના પ્રેમથી છલકતા હૃદયની એક સાર્વજનિક સૂચના આપે છે. (કાવ્યાનુશાસન ૭/૩૮)

( ૩ )

હેલા :

'હેલા'નુ લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે શૃંગારથી ઉત્પન્ન થતા હાવ જ્યારે લલિત અભિનયયુકત હોય ત્યારે તેને હેલા કહે છે. (શ્લોક ૧૧)

હિલ શબ્દ ભાવ-આવિષ્કરણ સૂચવે છે. હેલાની સ્થિતિમાં મનમાં શૃંગારનો અતિશય આવેગ હોય છે તથા ભાવનો પ્રસાર તીવ્ર હોય છે. અભિનવગુપ્ત અનુસાર હેલા તીવ્રતાનો વાચક છે તથા ભરતમુનિએ તીવ્રતાથી પ્રસારના અર્થમાંજ તેનો પ્રયોગ કર્યો છે. દશરુપકકાર ધનંજય કામવાસનાનો ભાવ અત્યન્ત સ્પષ્ટ રુપે વ્યકત થવાને હેલા કહે છે. નાટ્યદર્પણકારના મત પ્રમાણે યૌવનાવસ્થામાં ઉદિત અને નિરન્તર રહેનાર નેત્રાદિનો વિશેષ પ્રકારનો વિકાર હેલા કહેવાય છે. (ના.દ.૪ સુત્ર ૨૭૨) 'સાહિત્યદર્પણ' અનુસાર નાયિકાના હૃદયમાં રત્યુદ્બોધ દરમ્યાન અંગપ્રત્યંગનો એવા પ્રકારનો વિકાર કે જે સર્વ પર પ્રગટ થાય તેને હેલા કહે છે. મનોવિકાર અતિસ્ફુટતાથી લક્ષિત થાય ત્યારે તે

'ભાવ'જ હેલા કહેવાય છે. (સા.દ. ૩/૯૫)

## સ્વભાવજ સ્ત્રીભાવો

સ્ત્રીઓના સ્વભાવસિદ્ધ અલંકારો તે સ્વભાવજ સ્ત્રી અલંકારો. આ અલંકારો દ્વારા સ્ત્રીઓના મનોભાવોનું પ્રદર્શન થાય છે, નારીના પ્રેમ, મિલન, ઇર્ષ્યા વિગેરે અવસ્થાઓમાં ઉદ્ભવતી મનોદશાઓ સૂચવાય છે. સ્ત્રીના સ્વભાવથી ઉત્પન્ન થતી સ્ત્રીચેષ્ટાઓને સ્વભાવજ અલંકાર કહે છે.

ભરતમુનિ ૧૦ સ્વભાવજ અલંકારો નિરુપે છે. (૧) લીલા (૨) વિલાસ (૩) વિચ્છત્તિ (૪) વિભ્રમ (૫) કિલકિંચિત (૬) મોટ્ટાયિત (૭) કુટ્ટમિત (૮) બિબ્બોક (૯) લલિત (૧૦) વિહૃત. (અધ્યાય ૨૪ શ્લોક ૧૨/૧૩)

દશરુપક તેમજ નાટ્યદર્પણમાં ભરતકથિત દસ સ્વભાવજ સ્ત્રી અલંકારો નિરુપવામાં આવ્યા છે. ભરતકથિત ૧૦ અલંકારો ઉપરાંત મદ, તપન, મૌગ્ધ્ય, વિક્ષેપ, કુતૂહલ, હસિત, ચકિત અને કેલિ, એમ અન્ય આઠ સ્વભાવજ સ્ત્રી અલંકારો ગણાવવામાં આવ્યા છે. શારદાતનયે ભાવપ્રકાશનમાં 'લીલા'થી વિહૃત સુધીના ૧૦ સ્ત્રી અલંકારો નિરુપ્યા છે અને તેને 'શારીરિક અનુભાવો' ગણાવ્યા છે.

(૧)

### લીલા :

'લીલા'નું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે પ્રિયજનથી સંબંધિત અથવા ઉચ્ચારિત શ્લિષ્ટ શબ્દો, ચેષ્ટાઓ તથા વેષનું પ્રીતિ અથવા મધુરતાપૂર્વક અનુકરણ તે લીલા (અધ્યાય ૨૪ શ્લોક ૧૪) અર્થાત્ લીલા એટલે સ્નેહયુક્ત મધુર વાણી તથા શરીર તેમજ અલંકાર વડે પ્રિયજનનું અનુકરણ.ધનંજય લીલાનું લક્ષણ આ પ્રમાણે નિરુપે છે. નાયિકા દ્વારા પ્રિયતમની શૃંગારિક ચેષ્ટાઓ, વેશભૂષા, વાતચીત વિગેરેનું થતું અનુકરણ તે લીલા. જેમ કે તેનું જોવું, બોલવું, બેસવું, વિગેરે તેના પ્રિયતમના જોવા, બોલવા, બેસવા જેવુંજ છે. (ધનિકનું પદ્ય) આચાર્ય હેમચંદ્ર પણ વાણી, વેશ અને ચેષ્ટા વિગેરે વડે પ્રિયના અનુકરણને

લીલા કહે છે (કા.શા./૭) 'સાહિત્યદર્પણ'માં'લીલા'નું લક્ષણ નિરુપતાં વિશ્વનાથ જણાવે છે કે પ્રેમોદ્દીપકને કારણે શું અંગ, શું વેશ, શું આભૂષણ, શું પ્રેમયુકત વચન-સર્વથી પ્રિયનું અનુસરણ કરવું લીલા કહેવાય છે. (સા.દ.૩/૯૮) 'નાટ્યદર્પણ' પ્રમાણે પ્રિય (નાયક)ના વચન વિગેરેને અત્યંત આદરપૂર્વક પોતાની અંદર રાખવા તે લીલા અથવા પ્રિયતમ પરત્વે અત્યધિક પ્રેમને કારણે પ્રિયતમનીજ વાણી વિગેરેને શૃંગારાભિવ્યકિતપૂર્વક પોતાનામાં જોડવા લીલા કહેવાય છે (ના.દ.૪/૨૭૬) વિભાવ:સખી પ્રત્યેનો કૌતુકકલાપ અનુભાવ: પ્રિયનો પરિહાસ.

( ૨ )

<u>વિલાસ :</u>

ભરતમુનિના મત પ્રમાણે (પ્રિયતમના દર્શનથી) સ્થિતિ-ઉભા રહેવું આસન-બેસવું તથા ચાલવું વિગેરે ક્રિયાઓમાં તથા હાથ, નેત્ર અને ભ્રમરની ચેષ્ટાઓમાં આવતું વિલક્ષણ પ્રકારનું પરિવર્તન એટલે વિલાસ (અધ્યાય ૨૪ શ્લોક ૧૫).

ધનંજય વિલાસનું લક્ષણ નિરુપતાં જણાવે છે કે પ્રિયતમના અવલોકન સમયે નાયિકાઓની આકૃતિ, નેત્ર તથા ચેષ્ટાઓમાં જે વિશેષતા આવે છે તેને વિલાસ કહે છે. (દશ.૨૦ દ્વિ.પ્ર.૩૮) 'માલતીમાધવ'માં માલતી માધવને જોઇને જે ચેષ્ટાઓ કરે છે તેનું માધવે કરેલું વર્ણન 'વિલાસ'નું ઉદાહરણ હોવાનું ધનંજય જણાવે છે.

સાહિત્યદર્પણમાં વિશ્વનાથ 'વિલાસ'નું લક્ષણ નિરુપતાં જણાવે છે કે, પ્રિય વસ્તુના દર્શન વિગેરેથી ગતિ, સ્થિતિ, આસન વિગેરેની તથા મુખ નેત્ર વિગેરેના વ્યાપારોની વિશેષતા 'વિલાસ' કહેવાય છે. (સા.દ. ૩/૯૯) 'નાટ્યદર્પણ' અનુસાર પ્રિયના દર્શન વિગેરેથી શરીર અને કર્મોમાં વિશેષ સુકુમારતા વિલાસ કહેવાય છે અથવા પ્રિયાના દર્શન, આગમન વિગેરેને લીધે ચાલવું, બેસવું, ઉઠવું, આસન, શયન, મુખ, નેત્ર, વિગેરેના વ્યાપારોની આનંદ સૂચક વિશેષતા વિલાસ કહેવાય છે. (ના.દ.સૂત્ર ૪)

વિભાવ : પ્રિયનું દર્શન અને સ્મરણ
અનુભાવ : પોતાની ઇચ્છા ચતુરાઇપૂર્વક વ્યકત કરવી તે.

( ૩ )

વિચ્છતિ :

ભરતમુનિ જણાવે છે તેમ અલ્પ પ્રમાણમાં માળા, વસ્ત્ર, અલંકાર તેમજ ચંદન વિગેરેનું લેપન ધારણ કરવા છતાં, સૌંદર્યની વૃધ્ધિ થતી હોય તો તેને વિચ્છતિ કહે છે.
(અધ્યાય ૨૪ શ્લોક ૧૬)

ધનંજયના મત પ્રમાણે અલ્પ વેષ વિન્યાસ હોવા છતાં નાયિકાનાં અંગોમાં અધિક કમનીયતા આવે તેનું નામ વિચ્છતિ. (દશ.૨.દ્વિ.પ્ર.૩૮) કાન્તિ જેનાથી વધારે ચમત્કૃત થાય તેને વિચ્છતિ કહે છે જેમ કે 'કુમારસંભવ'માં પાર્વતીજીના કાન ઉપર લટકતા જવના અંકુર તથા ગોરોચના લગાવેલા ગોરા ગોરા ગાલ એટલા સુંદર લાગ્યા કે સૌની આંખો હઠાવવા છતાં ત્યાંજ ચોંટી રહેતી હતી.'

સાહિત્યદર્પણકાર વિશ્વનાથ વિચ્છતિનું લક્ષણ આ પ્રમાણે નિરુપે છે. કાન્તિને વધારનાર થોડી પણ વેશરચના 'વિચ્છત્તિ' કહેવાય છે. (સા.દ.૩/૧૦૦) 'નાટ્યદર્પણ' પ્રમાણે અત્યાધિક સૌંદર્યને પ્રદર્શિત કરનાર સ્વલ્પ વેષ-ધારણ વિચ્છતિ કહેવાય છે. આચાર્ય હેમચંદ્રના મતે ગર્વાદલ્પાકલ્પન્યાસ: શોભાકૃધ્ધિચ્છિત્તિ: ।
(કાવ્યા.નુ.શા. ૭/૩૮ )

વિભાવ : સુકુમારતા, કુદરતી લાવણ્ય, સૌંદર્યનો ગર્વ, કલેશ.
અનુભાવ : માન માંગવું , રંજ થવો વિગેરે.

( ૪ )

વિભ્રમ :

ભરતમુનિના મત પ્રમાણે પ્રેમ, હર્ષ અથવા મદને લીધે ઉતાવળમાં વિવિધ શબ્દો, ચેષ્ટાઓ, વેષ તથા વસ્ત્રો પોતાના યોગ્ય સ્થાને ન રહેવા તેને વિભ્રમ કહે છે. મદ, રાગ અને હર્ષથી વાણી, ચેષ્ટા તથા પોષાકની અતિશયતા કરવી તે અર્થાત્ ન બોલવાની જગ્યાએ બોલવું, ન પહેરવાની જગ્યાએ પહેરવું વિગેરે અનુચિત ક્રિયાઓ કરવી તે વિભ્રમ કહેવાય.
( અધ્યાય ૨૪ શ્લોક ૧૭ )

ધનંજય વિભ્રમનું લક્ષણ નિરુપતાં જણાવે છે કે શીઘ્રતાવશ આભૂષણો જ્યાં પહેરવા જોઇએ ત્યાં ન પહેરતાં અન્યત્ર પહેરવું અને તે પ્રમાણે આચારણ કરવું તેને વિભ્રમ કહે છે. જેમ કે નાયિકા આભૂષણથી પોતાના અંગો સજાવી રહી હતી કે તેણે સાંભળ્યું તેનો પ્રિયતમ આવી પહોચ્યો છે. બસ શીઘ્ર તૈયાર થઇ ગઇ પણ ઉતાવળનું પરિણામ એ આવ્યું કે કપાળમાં મેશ, આંખમાં અળતો અને ગાલ ઉપર તિલક લગાવ્યું. (ધનિકનું પદ્ય) (દશરુપક દ્વિતીયપ્રકાશ-૩૮)

'સાહિત્યદર્પણ'માં વિભ્રમનું લક્ષણ આ પ્રમાણે નિરુપવામાં આવ્યું છે. પ્રિયતમના આગમન સમયે હર્ષ અનુરાગ વિગેરેને લીધે ઉતાવળમાં ભૂષણ વિગેરે કયાંના કયાં લગાડવાં 'વિભ્રમ' કહેવાય છે. નાટ્યદર્પણ અનુસાર રાગ વિગેરેને લીધે ક્રિયા ઉલટ સુલટ થઇ જવી વિભ્રમ કહેવાય છે. (૪/૨૭૩) આચાર્ય હેમચંદ્ર પણ વાણી, અંગ, આભૂષણોના વ્યત્યાસને વિભ્રમ કહે છે. (કા.શા.૭/૪૦)

વિભાવ : ધનનો મદ, રાગ, ઉત્કંઠા

અનુભાવ : પ્રિય સ્ત્રી વિગેરેનો પરિહાસ

( ૫ )

<u>કિલકિંચિત :</u>

કિલકિંચિત એટલે યૌવનના મદથી ઉત્પન્ન થયેલી મનની ચંચળતા. તેનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે વિભિન્ન ભાવો જેવા કે સ્મિત, રુદિત, હાસ, ભય, હર્ષ, ગર્વ, દુ:ખ, શ્રમ તથા અભિલાષાનું પ્રિયતમ પ્રાપ્તિના હર્ષથી થતું મિશ્રણ કિલકિંચિત કહેવાય છે. (અધ્યાય ૨૪ શ્લોક ૧૮)

ધનંજયના મતે કિલકિંચિત એ અવસ્થાને કહે છે જેમાં નાયકના સંપર્કથી નાયિકામાં ક્રોધ, અશ્રુ, હર્ષ, ભય ચારે ભાવ મિશ્રિત રુપે (સંકર) પેદા થાય. જેમ કે નાયક પોતાના મિત્રને કહે છે કે રતિક્રીડા રુપી દ્યુતમાં મે મોકો મેળવી ના ના કહેતી નાયિકાના હોઠ ચુમીજ લીધા ! મારા આવા વર્તનથી પહેલાં તેણે ભવાં ચઢાવ્યાં, પછી લજ્જા અનુભવી, પછી થોડું રડી અને ત્યાર પછી થોડું હસી અને પછી અચાનક ગુસ્સાથી તેનો ચહેરો તમ તમી ઉઠયો. (ધનિકનું પદ્ય ) (દશરુપક ૨/૩૯)

'સાહિત્યદર્પણ' પ્રમાણે અતિ પ્રિય વસ્તુ મળવાથી થતા હર્ષને લીધે થોડું હાસ્ય, થોડું રુદન, થોડો ત્રાસ, થોડો ક્રોધ, થોડો શ્રમ વિગેરેના વિચિત્ર મિશ્રણને કિલકિંચિત કહે છે. ( સા.દ. ૩/૧૦૧) 'નાટ્યદર્પણ' અનુસાર વારંવાર હસવું, રડવું અને કંપન વિગેરેનું સંમિશ્રણ 'કિલકિંચિત' કહેવાય છે. (ના.દ. ૪/ સૂત્ર ૨૮૨)

( ૬ )

મોટ્ટાયિત :

મોટ્ટાયિત એટલે ઇષ્ટજન વિશેની વાતમાં પોતાનું ધ્યાન નથી એવો અન્ય ચેષ્ટાથી ડોળ કરવો તે મોટ્ટાયિત. તેનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ વિધાન કરે છે કે 'પ્રિયના વિષયમાં વાતચીત ચાલતી હોય ત્યારે તેનું તન્મયતાપૂર્વક શ્રવણ કરવું 'મોટ્ટાયિત' કહેવાય છે. (અધ્યાય ૨૪ શ્લોક ૧૯)

ધનંજય 'મોટ્ટાયિત'નું લક્ષણ નિરુપતાં જણાવે છે કે પ્રિયતમ સંબંધી મનગમતી ચર્ચા સાંભળી પ્રિયના અનુરાગમાં લીન થઇ જવું તે મોટ્ટાયિત. જેમ કે 'પદ્મગુપ્ત' કાવ્યનું આ પદ્ય, 'નાયિકા પ્રિયના ચિત્રને જોઇ રહી હતી. જો જોતામાં તેના અનુરાગમાં એટલી ભાવવિભોર બની ગઇ કે તે ચિત્રનેજ પ્રિયતમ સમજી લજ્જાથી ડોક નમાવી દીધી.' ( દશરુપક ૨/૪૦)

'સાહિત્યદર્પણ' અનુસાર પ્રિયતમની કથા વિગેરે પ્રસંગે અનુરાગ (ભાવ) થી વ્યાપ્ત ચિત્ત થવાને લીધે કામિનીની કાન ખંજવાળવા વિગેરે ચેષ્ટા 'મોટ્ટાયિત' કહેવાય છે. (સા.દ. ૩/૧૦૨) નાટ્યદર્પણ પ્રમાણે પ્રિયતમના દર્શન થવાથી અંગોને મરોડવા 'મોટ્ટાયિત કહેવાય છે. (ના.દ. ૪ /સૂત્ર ૨૮૧)

( ૭ )

કુટ્ટમિત :

આલિંગન, ચુંબન, સ્તનગ્રહણ વિગેરે ક્રિયાઓથી ઉત્પન્ન થયેલા સુખને દુ:ખરુપ બતાવવું કે સુખમાં દુ:ખની ચેષ્ટા કરવી તે કુટ્ટમિત. તેનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ

જણાવે છે કે પ્રિયતમ દ્વારા અતિશય હર્ષ અથવા સંભ્રમ (શીઘ્નતા) માં કેશ, સ્તન, અધર વિગેરે ગ્રહણ કરતી વેળા દુ:ખની સાથે થનારી સુખાત્મક ક્રિયાઓ (જેમ કે મસ્તક હલાવવું, હાથ હલાવવો વિગેરે) કુટ્ટમિત કહેવાય છે.

( અધ્યાય ૨૪ શ્લોક ૨૦ )

ધનંજય કુટ્ટમિતનું લક્ષણ આ પ્રમાણે નિરુપે છે. સંભોગમાં પ્રવૃત્ત થતી વેળા કેશગ્રહણ અને અધરક્ષતને કારણે અંદરથી પ્રસન્ન હોવા છતાં ઉપરથી નાયિકા દ્વારા કોપનું પ્રદર્શન કરવામાં આવે છે તેને કુટ્ટમિત કહે છે જેમ કે 'હાથના અગ્રભાગ અર્થાત આંગળીઓથી રોકવા છતાં પ્રિયતમ દ્વારા હોઠ કરડવામાં આવતા રડવાનો અને સીસકારો કરવાનો ખોટો ડોળ કરનારી નાયિકાઓનો જય થાવ. તેમનો આ પ્રકારનો સીસકારો રતિરુપી નાટકના વિભ્રમનો નાંદીપાઠ અથવા કામદેવનો મહત્વનો આદેશ છે. (દશરુપક)

સાહિત્યદર્પણકાર વિશ્વનાથ કુટ્ટમિત્તનું લક્ષણ નિરુપતાં જણાવે છે કે કેશ, સ્તન, અધર વિગેરે ગ્રહણ થવાથી હર્ષ થવા છતાં ગભરાટ સાથે શિર અને હાથનું વિશેષ પરિચાલન કુટ્ટમિત કહેવાય છે. (સા.દ. ૩/૧૦૩ ) 'નાટ્યદર્પણ' અનુસાર પ્રિયતમ દ્વારા) કેશ, ઓષ્ટ વિગેરે ગ્રહણ થવાથી બહાર મિથ્યા ક્રોધ બતાવવો 'કુટ્ટમિત' કહેવાય છે. (ના.દ. ૪ /સુત્ર ૨૮૦)

વિભાગ : પ્રીતિ, ઉત્કંઠા, દંતક્ષત, અધરગ્રહણ વિગેરે.

અનુભાવ : શરીર સંકોચી લેવું, ખોટો સીસકારો કરવો.

( ૮ )

બિબ્બોક :

ઇષ્ટજન પ્રત્યે ઇર્ષ્યા થવાથી તેના પ્રત્યે અનાદર બતાવવો તે બિબ્બોક. તેનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ વિધાન કરે છે કે સ્ત્રીઓ દ્વારા (મનમાં ઇચ્છા થતી હોવા છતાં) ઇષ્ટવસ્તુની પ્રાપ્તિ થવા છતાં અભિમાન (મિથ્યાભિમાન) અથવા ગર્વને લીધે (બહારથી) તે પરત્વે અનાસ્થા અથવા તિરસ્કારની થતી અભિવ્યક્તિ 'બિબ્બોક' કહેવાય છે.

(અધ્યાય ૨૪ શ્લોક ૨૧ )

ધનંજય બિબ્બોકનું લક્ષણ નિરુપતાં જણાવે છે કે, ગર્વ અને અભિમાનને લઇને ઇચ્છિત વસ્તુનો અનાદર કરવો તેને બિબ્બોક કહે છે. જેમ કે 'મેં ભવાં ચઢાવી અનાદરની સાથે પ્રિયતમને જોયો અને આ પ્રમાણે તેની ઉપેક્ષા કરી તો એનું પરિણામ એ આવ્યું કે તેનાથી મારી મનોકામના પણ પુરી ના થઇ. અરે મેં તો હદજ કરી નાખી અને માત્ર ભવાં ચઢાવ્યા હોત તો ઠીક થાત. મેં તો ક્રોધનો ડોળ કરી તિલક અને કેશ હાથ વડે વિખેરી નાખ્યા અને ભાવાવેશમાં અનેકવાર મારી સાડીના પાલવને સ્તન ઉપરથી ઉઠાવ્યો અને રાખ્યો.' (ધનિકનું પદ્ય) (દશ. રૂ. ૨/૪૦)

સાહિત્યદર્પણમાં વિશ્વનાથ બિબ્બોકનું લક્ષણ આ પ્રમાણે નિરુપે છે. અતિ ગર્વને કારણે અભિલષિત વસ્તુમાં પણ અનાદર જોવો 'બિબ્બોક' કહેવાય છે. (સા.દ.૩/૧૦૦) નાટ્યદર્પણ પ્રમાણે માન અથવા દર્પને લીધે ઇષ્ટ વસ્તુ પરત્વે પણ અનાદર બતાવવો બિબ્બોક કહેવાય છે. ( ના.દ. ૬/૨૨૭)

વિભાગ : પ્રિયનો અપરાધ

અનુભાવ : ન ગણકારવું, ધ્યાન ન આપવું વિગેરે.

( ૯ )

લલિત :

સર્વ અંગમાં યથાયોગ્ય કે ઘટિત આભૂષણ ધારણ કરવાં તે લલિત. તેનું લક્ષણ ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે. જો સુકુમારતાથી ભ્રમર, નેત્ર તથા હોઠની સાથોસાથ પગ અને અંગોનો વિન્યાસ કરવામાં આવે તો તેને 'લલિત' કહેવાય. (અધ્યાય ૨૪ શ્લોક ૨૨) અન્ય લક્ષણ પ્રમાણે ભ્રમર, નેત્ર, હોઠની સાથે હાથ પગને સુકુમારતાથી ચલાવવાં તે લલિત (શ્લોક ૨૨).ધનંજયના મત પ્રમાણે કોમળ અંગોને સુકુમારતાથી રાખવા તેનું નામ લલિત. જેમ કે ' તેનાં ભવાં નચાવતાં કિસલય જેવી આંગળીઓને આમ તેમ ફેરવી બોલવું, આંખ વડે અતિ મધુરતાથી જોવું તથા સ્વચ્છંદતાની સાથે ઉપડતા કમળવત્ ચરણો વિગેરે નીરખીને એવું લાગતું કે એ કમળનયની ઉભરાતા યૌવન દ્વારા સંગીત વિના નચાવવામાં આવી રહી છે.'' (ધનિકનું પદ્ય) (દ.શ.ર.૨/૪૧)

સાહિત્યદર્પણકારના વિધાન અનુસાર અંગોને સુકુમારતાથી રાખવા લલિત કહેવાય છે. (સા.દ. ૩/૧૦૫)

'નાટ્યદર્પણ' અનુસાર નિરર્થકપણે ગાત્રોનો સુકુમાર સંચાર લલિત કહેવાય છે. (ના.દ. ૪/૧૮૬)

વિભાગ : પ્રિયને વશ કરવો અને લોકપ્રીતિ મેળવવી.

અનુભાવ : દીપ્તિ, કાન્તિ, ચમત્કૃતિ, શોભા વિગેરે.

( ૧૦ )

<u>વિહૃત :</u>

બોલવાનો વખત આવે ત્યારે સ્વભાવથી કે વિઘ્નથી ન બોલી શકાય તે વિહૃત. ભરતમુનિ તેનું લક્ષણ નિરુપતાં વિધાન કરે છે કે ' જો પ્રીતિયુક્ત વચન બોલવાનો અવસર આવવા છતાં કોઇ બહાના વડે લજ્જા અથવા સ્વભાવને કારણે બોલી ન શકવું તે વિહૃત કહેવાય છે. ( અધ્યાય ૨૪ શ્લોક ૨૩ )

ધનંજયના મતે ઉપયુક્ત અવસર/મોકો મેળવવા છતાં લજ્જાને કારણે ન બોલી શકવું તેનું નામ વિહૃત,. જેમ કે 'પલ્લવ જેવી કાન્તિવાળા પગના અંગૂઠા વડે જમીન ખોતરવી અને તે બહાને કાલિમાથી અંકિત પોતાનાં ચંચળ નેત્રો વડે મારા તરફ કટાક્ષ કરતી, લજ્જાથી ઝૂકેલા, મુખવાળી તથા બોલવાની ઇચ્છાથી ફફડતા હોઠવાળી પ્રિયતમા સામે ઉભી રહેવા છતાં લજ્જાને લીધે કશું બોલી ન શકી. આ બધી વાતો યાદ આવતાં હૃદયમાં પીડા થાય છે. ' (દશ.રૂ. ૨/૪૧)

સાહિત્યદર્પણકાર વિશ્વનાથ વિહૃતનું લક્ષણ આ પ્રમાણે નિરુપે છે. લજ્જાને કારણે કહેતી વેળા પણ વાત ન કહેવી વિહૃત કહેવાય છે. (સા.દ. ૩/૧૦૫) 'નાટ્યદર્પણ' પ્રમાણે લજ્જા અથવા કોઇ બહાને અથવા મુગ્ધતાને કારણે બોલવાના ઉચિત અવસરે પણ બોલી ન શકાય તેને વિહૃત કહે છે. ( ના.દ. ૪ /સુત્ર ૨૭૮ )

## અયત્નજ સ્ત્રીભાવો

અયત્નજ અલંકાર નારી સૌંદર્યના પ્રતીક સમાન છે. તે નારીના સહજ સૌંદર્ય, કામભાવના અને ઉપભોગની ઉત્તરોત્તર વિકાસ પામતી વૃત્તિઓની અવસ્થા છે. ભરતમુનિ સાત પ્રકારના અયત્નજ સ્ત્રી અલંકારો નિરુપે છે. (૧) શોભા (૨) કાન્તિ (૩) દીપ્તિ (૪) માધુર્ય (૫) ધૈર્ય (૬) પ્રગલ્ભતા (૭) ઔદાર્ય. (અધ્યાય ૨૪ શ્લોક ૨૪)

અયત્નજ અલંકારોની સંખ્યા સાતજ હોવી જરૂરી નથી. શાકયાચાર્ય રાહુલ, સાગરનંદી અને માતૃગુપ્ત વિગેરે મોગ્ધ્યા, મદ, પરિતપન અને વિક્ષેપ વિગેરેને પણ અયત્નજ અલંકાર રુપેજ સ્વીકારે છે. (અભિનવભારતી ભા.૩ પૃ.૧૬૩ )

દશરુપકકાર ધનંજય પણ વિના યત્ન ઉત્પન્ન થતાં સાત સ્ત્રી અલંકારો નિરુપે છે જે ભરતાનુસારી છે. સાહિત્યદર્પણ, કાવ્યાનુશાસન તથા નાટ્યદર્પણમાં પણ અયત્નજ સ્ત્રી અલંકાર નિરુપવામાં આવ્યા છે જે ભરતમુનિ નિરુપિત લક્ષણોનું પુનઃકથન માત્ર છે. શારદાતનયના ભાવપ્રકાશનમાં ૩ અંગજ તથા ૬ અયત્નજ સ્ત્રી અલંકારોને પૃથક નહીં પણ 'મન આરંભાનુભાવ' અર્થાત્ માનસિક અનુભાવોમાં ૧૦ પ્રકારના માનસિક અનુભાવો તરીકે સાથે નિરુપવામાં આવ્યા છે, તેમના લક્ષણ ભરતાનુસારી છે.

( ૧ )

### શોભા :

સરસતા, સુરેખતા, લાવણ્ય એટલે શોભા. તેનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે રુપ, યૌવન તથા લાવણ્ય વિગેરેના ઉપભોગથી વિકસિત અંગોની સજાવટ અથવા શારીરિક સૌંદર્યનું ખિલવું તે શોભા. (અધ્યાય ૨૪ શ્લોક ૨૫)

ધનંજય દશરુપકમાં 'શોભા'નું લક્ષણ આ પમાણે નિરુપે છે. 'રુપ, ભોગ અને તારુણ્યથી અંગોના સૌંદર્યમાં થતી વૃધ્ધિ શોભા કહેવાય છે. જેમ કે દુષ્યન્ત શકુંતલા વિષે કહે છે ' મારી દૃષ્ટિએ તેનું રુપ એવુજ પવિત્ર છે જેમ વણસૂંઘ્યુ પુષ્પ, નખ વડે વણકપાયેલું પાંદડું, વીંધ્યા વિનાનું રત્ન, વણચાખ્યું મધ તથા વણભોગવ્યું પુણ્યફળ. પણ ખબર નહીં આ

રુપનાં ઉપભોગ માટે બ્રહ્માએ કોને બનાવ્યો છે.' (દશ. રુ. ૨/૩૫) નાટ્યદર્પણ અનુસાર ઉપભોગ પછી યૌવન વિગેરેની ઉજ્જ્વળતા શોભા કહેવાય છે. (ના.દ.૪/સૂત્ર ૨૮૩) સાહિત્યદર્પણ પ્રમાણે રુપ, યૌવન, લાલિત્ય, સુખભોગ વિગેરેથી સંપન્ન શરીરની સુંદરતાને શોભા કહે છે. ( સા.દ. ૩/૯૫ )

( ૨ )

કાન્તિ :

કામોદ્દીપનયુક્ત અપૂર્વ શોભા તે કાન્તિ. ભરતમુનિ તેનું લક્ષણ આ પ્રમાણે નિરુપે છે. 'કામોન્મેષથી વૃધ્ધિ પામેલી શોભા એટલેજ કાન્તિ.' (અધ્યાય ૨૪ શ્લોક ૨૫ )

ધનંજય 'કાન્તિ'નુ લક્ષણ નિરુપતાં જણાવે છે કે કામના વિકારથી વધેલી શરીરની શોભાને કાન્તિ કહે છે. બાણભટ્ટની 'કાદંબરી'માં આવતું મહાશ્વેતાનું વૃતાંત પણ કાન્તિ'નું ઉદાહરણ છે. ( દશ. રુ. ૨/૩૫)

કાન્તિ, શોભાનુંજ કામવાસનાને કારણે વિકસિત સ્વરુપ છે. નાટ્યદર્પણ અનુસાર પૂર્ણ વિસ્તાર પ્રાપ્ત થવાને લીધે 'શોભા' જ 'કાન્તિ' બને છે. (ના.દ.૪/સૂત્ર ૨૮૪) 'સાહિત્યદર્પણ' પ્રમાણે મન્મથ ઉન્મેષ અર્થાત્ સ્મરવિલાસથી વૃધ્ધિ પામેલી શોભાનેજ કાન્તિ કહે છે. (સા.દ. ૩/૯૬ )

( ૩ )

દીપ્તિ :

દીપ્તિ એટલે અતિવિસ્તૃત કાન્તિ. ભરતમુનિ તેનુ લક્ષણ નિરુપતાં જણાવે છે કે 'કાન્તિનો અતિશય વિસ્તાર દીપ્તિ કહેવાય છે.' (અધ્યાય ૨૪ શ્લોક ૨૬)

ધનંજયના મત પ્રમાણે કાન્તિનો અતિશય વિસ્તારજ દીપ્તિ કહેવાય છે. જેમ કે 'પ્રાર્થના કરું છું, ઓ પોતાની મુખચંદ્રની જ્યોત્સના વડે અંધકારને દુર કરનારી ! પ્રસન્ન થા. મારી વાત માની હવે આગળ ના વધ. હે હતાશિની તું અન્ય અભિસારિકાઓને વિઘ્ન પહોંચાડી રહી છે ! '' ( દશ. રુ. ૨/૩૫ )

'નાટ્યદર્પણ' અનુસાર કાન્તિનો વિશેષ વિસ્તાર દીપ્તિ કહેવાય છે. (ના.દ. ૪ /સૂત્ર ૨૮૪) સાહિત્યદર્પણ પ્રમાણે અતિ વિસ્તીર્ણ કાન્તિજ દીપ્તિ કહેવાય છે. (સા.દ.૩ /૯૬ )

( ૪ )

માધુર્ય :

અતિ રમણીય દીપ્તિ તે માધુર્ય. ભરતમુનિ તેનું લક્ષણ આ પ્રમાણે નિરુપે છે. 'શરીરની ક્રિયાઓમાં - પછી તે દીપ્તિ ભાવવાળી હોય કે લલિતભાવવાળી '- તેમાં રમણીયતા (અનુલ્બણત્વ) હોવી માધુર્ય કહેવાય છે.'' (અધ્યાય ૨૪ શ્લોક ૨૭ )

ધનંજય કહે છે અનુલ્બણત્વં માધુર્ય અર્થાત જે ગુણને લીધે નાયિકા દરેક અવસ્થામાં રમણીય દેખાય છે તેને માધુર્ય કહે છે. જેમ કે 'અભિજ્ઞાન શાકુંતલ' માં 'શેવાળથી ઘેરાયેલ હોવા છતાં કમળ સુંદર લાગે છે. ચંદ્રમાં ઉપર પડેલો ડાઘ તેની શોભા વધારે છે. તેમ આ રમણી વલ્કલ પહેરેલાં હોવા છતાં પણ ઘણી સુંદર લાગે છે. ખરું પૂછો તો સુંદર શરીર ઉપર દરેક વસ્તુ સુંદર લાગે છે. ( દશ. રૂ. ૨/૩૫)

નાટ્યદર્પણ પ્રમાણે સંતાપ હોવા છતાં (શોક, ક્રોધ, ભય, અમર્ષ, ઈર્ષ્યા વિ.થી ) સૌમ્યતા હોવી માધુર્ય કહેવાય છે. (ના.દ. ૪ /સૂત્ર ૨૮૫) સાહિત્યદર્પણ અનુસાર સર્વ દશાઓમાં રમણીય હોવાનું નામ માધુર્ય છે. (સા.દ. ૩/૯૭ )

( ૫ )

ધૈર્ય :

સર્વ અવસ્થામાં અચંચલ સ્વાભાવિક ચિત્તવૃત્તિ એટલે ધૈર્ય. તેનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે ચંચળતાથી રહિત તથા સર્વ વાતોમાં આત્મશ્લાઘાથી વિમુખ રહેવાવાળી સ્વાભાવિક ચિત્તવૃત્તિ (મન:સ્થિતિ) ધૈર્ય કહેવાય છે. (અધ્યાય ૨૪ શ્લોક ૨૮ )

દશરુપકકાર ધનંજય ધૈર્યનું લક્ષણ આ પ્રમાણે નિરુપે છે.'આત્મશ્લાઘા અને ચંચળતા રહિત મનની વૃત્તિ (ચિત્તવૃત્તિ) ને ધૈર્ય કહે છે. 'માલતીમાધવ'માં માધવીની ઉક્તિનું તેઓ ઉદાહરણ આપે છે. ( દશ.રૂ. દ્વિતીય ઉલ્લાસ શ્લોક ૩૭)

'સાહિત્યદર્પણ અનુસાર આત્મશ્લાઘાથી યુક્ત અચંચળ મનોવૃત્તિ ધૈર્ય કહેવાય છે. (સા.દ. ૩/૯૮) નાટ્યદર્પણ પ્રમાણે આત્મશ્લાઘા અને ચપળતાથી રહિત ચિત્તાવસ્થાનું નામ ધૈર્ય છે. (ના.દ. ૪/૨૮૬)

( ૬ )

પ્રાગલ્ભ્ય :

રતિપ્રયોગ કે કામક્રીડામાં અસંકોચ અને નિર્ભયતા એટલે પ્રાગલ્ભ્ય, પ્રગલ્ભતા. ભરતમુનિ તેનું લક્ષણ આ પ્રમાણે નિરુપે છે. સંભાષણ અથવા અન્ય કાર્યો નિર્ભય બની કરવા તે 'પ્રાગલ્ભ્ય' કહેવાય છે. (અધ્યાય ૨૪ શ્લોક ૨૯)

ધનંજયના મત પ્રમાણે સાધ્વસના અભાવને પ્રાગલ્ભ્ય કહે છે. (અર્થાત) માનસિક ક્ષોભની સાથે અંગોમાં અવસાદ થવાનું નામ સાધ્વસ અને તેનો અભાવ એટલે પ્રાગલ્ભ્ય. દા.ત. 'એ જોવામાં તો ખૂબ લજ્જાશીલ અને ભોળી જણાય છે પણ સભામાં કલાપ્રયોગના પાંડિત્યમાં તેણે આચાર્યનું સ્થાન મેળવ્યું છે. (દશ.રૂ. દ્વિ.ઉ.શ્લોક ૩૬)

સાહિત્યદર્પણ પ્રમાણે નિર્ભયતાનું નામ પ્રાગલ્ભ્ય છે. (સા.દ. ૩/૯૬) નાટ્યદર્પણ' અનુસાર રતિક્રિડામાં નિપુણતાની પ્રાપ્તિ 'પ્રાગલ્ભ્ય કહેવાય છે. (ના.દ. ૪ /સૂત્ર ૨૮૬)

( ૭ )

ઔદાર્ય :

સર્વ કાર્યોમાં વિનયશીલતા એટલે ઔદાર્ય. ભરતમુનિ તેનું લક્ષણ નિરુપતાં જણાવે છે કે સર્વ અવસ્થામાં નમ્રતાપૂર્વક આચરણ કરવું તેને ઔદાર્ય કહે છે. (અધ્યાય ૨૪ શ્લોક ૨૯)

ધનંજય 'દશરુપક'માં ઔદાર્યનું લક્ષણ આ પ્રમાણે નિરુપે છે. સદા પ્રેમને અનુકુળ વ્યવહાર કરવાનું નામ ઔદાર્ય છે. (દશ.રૂ. ૨/૩૬) નાટ્યદર્પણ પ્રમાણે ઉચિત માર્ગથી પતિત ન થવું 'ઔદાર્ય' કહેવાય છે. (ના.દ.૪/સૂત્ર ૨૮૫) સાહિત્યદર્પણ અનુસાર સદા વિનય રાખવો તે ઔદાર્ય. (સા.દ. ૩/૯૭ )

અયત્નજ અલંકારોના વિવરણને અંતે ભરતમુનિ જણાવે છે કે લલિત પ્રકૃતિની દશામાં આ ભાવ 'સુકુમાર' હોય છે પણ વિલાસ તથા લલિત સિવાય (કઠોર પ્રકૃતિની વ્યક્તિની બાબતમાં) તે 'દીપ્ત' પણ બની જાય છે. (અધ્યાય ૨૪ શ્લોક ૩૦)

કહેવાનું તાત્પર્ય એ કે જ્યારે સ્ત્રી પાત્રોમાં આ અલંકારોનો પ્રયોગ થાય ત્યારે તે સુકુમાર અને પુરુષ પાત્રોમાં તેનો પ્રયોગ થાય ત્યારે તે દીપ્ત કહેવાય છે.'દીપ્ત' અવસ્થામાં વિલાસ અને લલિતનો પ્રયોગ થતો નથી. તે કેવળ સ્ત્રીપાત્રાશ્રિત ભાવ છે.

નાયકોના અલંકાર અથવા પુરુષભાવ

સ્ત્રી અલંકારોની સાથે સાથે ભરતમુનિ આઠ પ્રકારના પુરુષોચિત સત્વજ અલંકારો પણ નિરુપે છે. (૧) શોભા (૨) વિલાસ (૩) માધુર્ય (૪) સ્થૈર્ય (૫) ગાંભીર્ય (૬) લલિત (૭) ઔદાર્ય (૮) તેજ. (શ્લોક ૩૧)

શોભા, વિલાસ, માધુર્ય, સ્થૈર્ય તથા ગાંભીર્ય અલંકારો સ્ત્રીઓમાં પણ જોવા મળે છે. પરંતુ નામ સામ્ય હોવા છતાં વસ્તુત: તાત્વિક રીતે તે પૃથક છે. કારણ કે સ્ત્રી અલંકારો શારીરિક સુકુમારતાને અને પુરુષ અલંકારો પુરુષની માનસિક અનુભૂતિને દર્શાવે છે. નારીમાં સ્ત્રી અલંકારોથી સૌંદર્યનો મોહક પ્રસાર થાય છે તો પુરુષમાં તેના વડે પૌરુષ પ્રભાવની સમૃદ્ધિ.નારીમાં ભાવગત સૌકુમાર્ય, લાલિત્ય તેમજ વિલાસમય આંગિક ચેષ્ટાઓની મનોહારિતા છે તો પુરુષમાં વીરતા, ઉત્સાહ, તેજ તથા ગંભીરતા વિગેરેથી તેના પૌરુષની આભા પ્રસૃત થાય છે.

ધનંજયના દશરુપકમાં પણ શોભા, વિલાસ, માધુર્ય, ગાંભીર્ય, સ્થૈર્ય, તેજ, લલિત ઔદાર્ય એમ આઠ સાત્વિક ગુણો નાયકના હોવાનુ વિધાન મળે છે. (દશ.રુ. ૨/૧૦)

રામચંદ્ર-ગુણચંદ્ર વિરચિત નાટ્યદર્પણમાં પણ મુખ્ય નાયકમાં સત્વથી ઉત્પન્ન તેજ, વિલાસ, માધુર્ય, શોભા, સ્થિરતા, ગંભીરતા, ઉદારતા, લાલિત્ય એમ આઠ ગુણો નિરુપવામાં આવ્યા છે. (ના.દ.૪ /સૂત્ર ૨૪૦)

કવિરાજ વિશ્વનાથના ગ્રંથ 'સાહિત્યદર્પણ'માં નાયકોના સાત્વિક ગુણ નિરુપાયેલા છે. શોભા, વિલાસ, માધુર્ય , ગાંભીર્ય, ધૈર્ય, તેજ, લલિત અને ઔદાર્ય. (સા.દ. ૩/૫૦)

( ૧ )

શોભા :

દક્ષતા, શૌર્ય, ઉત્સાહ, ઉત્તમની સ્પર્ધા એટલે શોભા. ભરતમુનિ તેનું લક્ષણ નિરુપતાં જણાવે છે કે (વિભિન્ન વિષયોમાં) દક્ષતા, શૌર્ય, ઉત્સાહ, ઉચ્ચ કાર્યોમાં સ્પર્ધા તથા નીચ કાર્યો પરત્વે ઘૃણાનો ભાવ રાખવો 'શોભા' કહેવાય છે.

(અધ્યાય ૨૪ શ્લોક ૩૨)

ધનંજય 'દશરુપક'માં શોભાનું લક્ષણ નિરુપતાં જણાવે છે કે નીચ પ્રતિ ઘૃણા, અધિક ગુણવાળાની સાથે સ્પર્ધા, શૌર્ય શોભા, શૌર્ય દક્ષતા-આને શોભા કહે છે.

(દશ.રુ. ૨/૧૧)

'નાટ્યદર્પણ' અનુસાર ઘૃણા, સ્પર્ધા, દક્ષતા, શૌર્ય તથા ઉદ્યમ વિદ્યમાન હોવાનું અનુમાન કરવાનું ચિહ્‌ન શોભા (ગુણ) કહેવાય છે. ચિહ્‌ન અર્થાત્ ઘૃણા આદિની વિદ્યમાનતાનો નિશ્ચયાત્મક હેતુભૂત શારીરિક વિકાર (ના.દ.૪/સૂત્ર ૨૪૪)

સાહિત્યદર્પણ પ્રમાણે શૂરતા,ચતુરતા, સત્ય, મહાન ઉત્સાહ, અનુરાગિતા, નીચમાં ઘૃણા, ઉચ્ચમાં સ્પર્ધા- આ બધાને ઉત્પન્ન કરનાર અંત:કરણના ધર્મને શોભા કહે છે.

(સા.દ. ૩/૫૧)

( ૨ )

વિલાસ :

વીરત્વ પ્રવર્તાવનારી દૃષ્ટિ, ધીરોદ્દાત ગતિ, મંદ હાસ્યુકત વાણી એટલે વિલાસ. ભરતમુનિ વિલાસનું લક્ષણ નિરુપતાં જણાવે છે કે વીરતા પ્રદર્શક વૃષભની જેમ ચાલ, સ્થિર દૃષ્ટિ તથા મન્દ સ્મિત સાથે વાતચીત વિલાસ ગુણ કહેવાય છે.

(અધ્યાય ૨૪ શ્લોક ૩૩)

ધનંજય 'દશરુપક'માં વિલાસનું લક્ષણ આ પ્રમાણે નિરુપે છે. વિલાસમાં નાયકની ગતિ અને દૃષ્ટિમાં ધીરતા રહે છે. વચનો સ્મિતયુકત હોય છે. (દશ.રુ. ૨/૧૧)

'નાટ્યદર્પણ' પ્રમાણે વૃષભ, અર્થાત્ સાંઢ જેવી ગતિ, ધીર દૃષ્ટિ તથા હસીને વાત કરવી

તે વિલાસ ગુણનું લક્ષણ છે. (ના.દ. ૪/સૂત્ર ૨૪૨) 'સાહિત્યદર્પણ' અનુસાર 'વિલાસ'માં દૃષ્ટિ ધીર હોય છે, ગતિ મૃગેન્દ્ર સમાન વિચિત્ર હોય છે અને વચનાવલી સ્મિત સાથે ઉચ્ચારાય છે. (સા.દ. ૩/૫૨)

( ૩ )

માધુર્ય :

ઘણાં વિકાર રહેતું છતાં અન્ય કાર્યોમાં જોડાઇ રહેવું તે માધુર્ય. તેનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે દીર્ઘકાલીન અભ્યાસને કારણે અર્થાત્ લાંબા સમયના મહાવરાને લીધે ઇન્દ્રિયોનું કોઇ ભાવ અથવા વિકાર અતિશય હોવા છતાં તેનાથી વિચલિત ન થવું. અથવા પોતાની ~~સ્વસ્થ~~ સ્થિર વૃત્તિમાં રહેવું માધુર્ય કહેવાય છે. (અધ્યાય ૨૪ શ્લોક ૩૪)

દશરુપક અનુસાર મહાન ક્ષોભ રહેવા છતાં અર્થાત્ મહાન વિકાસ ઉત્પન્ન કરનાર કારણો હોવા છતાં મધુર વિકાર થવાનું નામ માધુર્ય (દશ.રુ. ૨/૧૨) નાટ્યદર્પણ પ્રમાણે ક્રોધ ચઢે તેવું મોટું કારણ હોવા છતાં આછી વિકૃતિ (રોમાંચ, કમર કસવી, મૂછો મરડવી, શસ્ત્ર તરફ જોવું ) 'માધુર્ય' કહેવાય છે.'સાહિત્યદર્પણ' અનુસાર સંક્ષોભ (ગભરાટ) ના કારણો હોવા છતાં ગભરાવવું નહી તે માધુર્ય કહેવાય છે. (સા.દ. ૩/૫૨)

( ૪ )

સ્થૈર્ય :

અન્ય પ્રલોભનથી પોતાના નિશ્ચિત ધર્મ, કાર્ય અને ધ્યેયથી ચલિત ન થવું તે સ્થૈર્ય. તેનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે ધર્મ, અર્થ, તથા કામમાં કોઇ શુભ અથવા અશુભ પરિણામ, ઉત્પન્ન થવા, છતાં પોતાના કાર્યથી વિચલિત ન થવું સ્થૈર્ય કહેવાય છે. (અધ્યાય ૨૪ શ્લોક ૩૫)

દશરુપક પ્રમાણે વિઘ્ન સમૂહો રહેવા છતાં પોતાના કર્તવ્યમાં અડગ રહેવું તે સ્થૈર્ય. (દશ.રુ. ૨/૧૩) નાટ્યદર્પણ અનુસાર વિઘ્નોની ઉપસ્થિતિ હોવા છતાં અને અશુભ

પ્રારબ્ધ હોવા છતાં પોતાનો નિશ્ચય ન છોડવો સ્થૈર્ય કહેવાય છે. (ના.દ. ૪/સૂત્ર ૨૪૫) સાહિત્યદર્પણ પ્રમાણે મોટા વિઘ્નો હોવા છતાં પોતાના કાર્યમાં ડુબેલા રહેવું તે ધૈર્ય (સ્થૈર્ય ) સાહિત્યદર્પણકારે 'સ્થૈર્ય' ની જગ્યાએ 'ધૈર્ય' શબ્દનો પ્રયોગ કર્યો છે.

(સા.દ. ૩/૫૩)

( ૫ )

ગાંભીર્ય :

ક્રોધ, હર્ષ કે ભય વગેરેમાં તેમજ સુખદુ:ખમાં ચહેરાનો ભાવ ફરે નહિ તે ગાંભીર્ય. તેનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે ક્રોધ, હર્ષ તથા ભયની દશામાં (સુખ અને દુ:ખ વિગેરે દશામાં પણ) ભાવોનો ચહેરા ઉપર પ્રભાવ ન દેખાય તેને ગાંભીર્યનો ગુણ કહે છે. (અધ્યાય ૨૪ શ્લોક ૩૬)

'દશરુપક' અનુસાર જેના પ્રભાવથી વિકાર લક્ષિત ન થઇ શકે તેને ગાંભીર્ય કહે છે. ધનિકની ટીકા અનુસાર માધુર્ય અને ગાંભીર્યમાં અંતર એ છે કે માધુર્ય મધુરતાથી યુકત વિકાર લક્ષિત હોય છે જયારે ગાંભીર્યમાં તેનો અભાવ હોય છે. (દશ.રુ. ૨/૧૨) નાટ્યદર્પણ પ્રમાણે ક્રોધ, હર્ષ વિગેરેને પ્રકટ ન કરનાર સ્વાભાવિક દેહસ્થિતિનું નામ ગાંભીર્ય છે. (ના.દ. ૪/સૂત્ર ૨૪૬) સાહિત્યદર્પણ અનુસાર ભય, શોક, ક્રોધ, હર્ષ વિગેરે ઉપસ્થિત હોવા છતાં નિર્વિકાર રહેવાનું નામ ગાંભીર્ય છે.

( સા.દ. ૩/૫૩)

( ૬ )

લલિત :

જેની વાણી, ચેષ્ટા વગેરે સ્વભાવથીજ સુકુમાર હોય તે લલિત. તેનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે જેની વાણી અને શૃંગારિક ચેષ્ટાઓ અબુધ્ધિપૂર્વક અર્થાત્ પ્રયાસ વિનાજ સુકુમાર રહેતી હોય તે ગુણને 'લલિત' કહે છે.

(અધ્યાય ૨૪ શ્લોક ૩૭)

દશરુપક પ્રમાણે શૃંગારને અનુરુપ સ્વાભાવિક અને મનોહર ચેષ્ટાને લલિત કહેવામાં આવે છે. (દશ.રુ. ૨/૧૪) નાટ્યદર્પણ અનુસાર (નિન્દિત) વિકારોથી રહિત સ્વાભાવિક શૃંગાર ચેષ્ટાઓ લલિત કહેવાય છે. (ના.દ.૪/સૂત્ર ૧૬૫) સાહિત્યદર્પણ પ્રમાણે વાણી, વેષ અને શૃંગારની ચેષ્ટાઓમાં મધુરતા તે લલિત.

(સા.દ. ૩ /૫૫)

( ૭ )

ઔદાર્ય :

સર્વ પ્રત્યે પોતાના પુત્ર જેવોજ ઉદાર વર્તાવ, પ્રિય વાણી, દાન વિગેરે ઔદાર્ય કહેવાય છે. તેનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે બધી વ્યકિતઓ પરત્વે -પછી તે પોતાની હોય કે પારકી - દાન આપવું, પ્રિય સંભાષણ કરવું તથા ઉદાર વર્તાવ રાખવો વિગેરે ધ્વારા સમભાવ રાખવો તેને ઔદાર્યનો ગુણ કહેવાય છે.

(અધ્યાય ૨૪ શ્લોક ૩૮)

ધનંજયના મત પ્રમાણે ઔદાર્યના બે ભેદ છે. પ્રિયવચનની સાથે જીવન સુધ્ધાં બીજા માટે સમર્પિત કરી દેવું એ પહેલો ભેદ છે. સજ્જનોને સત્કારવા એ બીજો ભેદ છે. (દશ.રુ. ૨/૧૪) 'નાટ્યદર્પણ' અનુસાર પોતાના પ્રાણ આપીને પણ શત્રુ અથવા મિત્રનો ઉપકાર કરવો ઔદાર્ય કહેવાય છે. (ના.દ. ૪/સૂત્ર ૨૪૭) સાહિત્યદર્પણ પ્રમાણે પ્રિય ભાષણ સહિત દાન તેમજ શત્રુ, મિત્રમાં સમાનતા તે ઔદાર્ય.

(સા.દ. ૩/૫૫)

( ૮ )

તેજ :

શત્રુ, અપમાન ઇત્યાદિને મરણ સમયે પણ સહી ન શકાય તે તેજ. તેનું લક્ષણ નિરુપતાં ભરતમુનિ જણાવે છે કે શત્રુ ધ્વારા અથવા કોઇ અન્ય વ્યકિત ધ્વારા કરવામાં

આવેલ આક્ષેપ તથા અપમાનને પ્રાણ જવા છતાં ન સહેવાં તેને 'તેજ' નામનો ગુણ કહે છે.

(અધ્યાય ૨૪ /શ્લોક ૩૯)

ધનંજયના મતે પ્રાણ સંકટ સમુપસ્થિત હોવા છતાં પણ જે અપમાન ન સહી શકે તેને તેજ કહે છે. ( દશ.રૂ. ૨/૧૩) નાટ્યદર્પણ પ્રમાણે પ્રાણનાશના સંકટનો સ્વીકાર કરી ને પણ અપમાન વિગેરેને સહન ન કરવું 'તેજ' કહેવાય છે. (ના.દ.૪/૨૪૧) સાહિત્યદર્પણ અનુસાર અન્ય એ કરેલ આક્ષેપ અને અપમાનને પ્રાણ જવા છતાં ન સહેવા 'તેજ' કહેવાય છે. (સા.દ.૩/૫૫)

આમ સત્વજ અલંકારો અંતર્ગત ભરતમુનિએ નાયક, નાયિકાની સ્વભાવગત ચેષ્ટાઓનું વર્ણન કર્યું છે. તે 'સત્વ' માંથી ઉત્પન્ન થતી હોવાથી તેનો સમાવેશ અહીં 'સાત્વિક અભિનય' અંતર્ગત કરવામાં આવ્યો.